જોઈએ છે સાઈટ એન્જીનીયર

પલસાણાની સાઈટ સંભાળવા માટે ડીપ્લોમા / બી.ઈ. સિવિલ ૨ – ૩ વર્ષના અનુભવી. પગાર લાયકાત મુજબ.

સ્વપ્ન બીલ્ડકોન (M) 97123 99299

રાજ્યના મહાનગરોમાં આજથી મિલેટ મહોત્સવ

અમદાવાદ : રાજ્યભરના મહાનગરોમાં બે દિવસીય "મિલેટ મહોત્સવ અને પ્રાકૃતિક ફાર્મર માર્કેટ-૨૦૨૬"નું આયોજન કરવામાં આવ્યું છે. અમદાવાદના સાબરમતી રિવરફ્રન્ટ ખાતેથી રાજ્ય કક્ષાના મિલેટ મહોત્સવનો આવતીકાલ તા. ૨૧ માર્ચના રોજ કૃષિ મંત્રી જીતુ વાઘાણી શુભારંભ કરાવશે.

મહે.સુરતના ૮ એડી.સીનીયર સીવીલ જજ સાહેબશ્રી ની કોર્ટમાં

ન્યાયાલય, રૂમ નં. ૭૧૩, સાત માળે, અઠવાલાઈન્સ, સુરત.

વાદી : અહમદ ઈસ્માઈલ ભાઈમીયા — **સી.એમ.એ/એસ સી. નં. ૨૪/૨૦૨૬**

ઉ.આ.વ.૭૦, ધંધો : નિવૃત રહે.૫/૨૩, ચાચા સ્ટ્રીટ, રંદેર, સુરત.-૩૯૫૦૦૫

...વિરૂધ્ધ... — **અરજદારના વકીલ શ્રી. મિલિન એસ. મોદી**

પ્રતિવાદી : કોઈ નહી.

જાહેર નોટિસ

આથી જાહેર નોટીસ આપી જણાવવાનું છે કે ઉપરોકત અરજદાર અત્રે કોર્ટમાં **મર્હુમ સારાબીબી ઈસ્માઈલ ભાઈમીયા** તથા **મર્હુમ અમીનાબીબી ઈસ્માઈલ ભાઈમીયા** તથા **મર્હુમ આયશાબીબી ઈસ્માઈલ ભાઈમીયા** એ સ્વતંત્ર/સંયુકત રીતે જુદી જુદી કંપનીઓના શેર તેઓએ લીધેલ હતા જે તમામ કંપનીઓના શેરોની કિંમત આશરે **રૂા.૧,૩૯,૦૦,૦૦૦/- અંકે રૂપિયા એક કરોડ ઓગણચાલીસ લાખ પુરા કે** વધતા ઓછા ના શેર તથા ડિવિડન્ડ તથા અન્ય થાપણો થાય છે. જે અંગે વારસા સર્ટીફીકેટની જરૂર હોય, વારસા સર્ટીફીકેટ મેળવવા અરજી દાખલ કરેલ છે.

આ કામમા સુનાવણી **તારીખ ૦૧/૦૫/૨૬** ના રોજ સવારના ૧૦.૪૫ કલાકે રાખવામાં આવેલ છે. તો આ અરજી વિરૂધ્ધ જે કોઈ ઈસમને વાંધો, વિરોધ હોય તેમણે જાતે અથવા વકીલશ્રી મારફતે કોર્ટમાં હાજર રહેવું. જો તેમ કરવામાં કસુર કરશો તો અરજદારને માંગ્યા મુજબનું વારસા સર્ટીફીકેટ આપવાનો હકુમ કરવામાં આવશે જેની નોંધ લેશો.

આજ રોજ તા.૨૦ મી માર્ચ/૨૦૨૬ ના રોજ મારી સહી તથા કોર્ટનો સિકકો કરી આપ્યો.

તૈયાર કરનાર (બી.એન.પટેલ) આસીસ્ટન્ટ — **મુકાબલ કરનાર** (એચ.આર.શુકલા) સુપ્રિન્ટેન્ડન્ટ — કોર્ટનો સિકકો — **હુકમથી** (હીના.ટેસાઈ) રજીસ્ટ્રારશ્રી, સિવિલ કોર્ટ, સુરત.

જાહેર નોટિસ

સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકા ના મોજે ગામ-ખરવાસા ના રેવેન્યૂ દફતરે બ્લોક નં. ૨૦ પૈકી ૨ વાળી તથા સુરત જિલ્લાના ચોર્યાસી તાલુકા ના મોજે ગામ ખંભાસલા ના બ્લોક નં. ૫૮,૨૨,૧૧૪,૧૧૯ વાળી જૂની શરતની જમીન બાબતેની જાહેર ચેતવણી

ઉપરોકત જમીનમાં અમારા અસીલ સુકન્યાબેન તે મણીભાઈ ડાહ્યાભાઈ ની પુત્રી ના વણવહેંચાયેલ હીસ્સામાં કાયદેસરનો હકક હિત હિસ્સો ચાલી આવેલ છે તેમ છતાં ધર્મેશ અમૃતભાઈ પટેલ નાઓએ ઉપરોકત જણાવેલ જમીન અંગે ખોટા અને કાયદા વિરૂધ્ધના વ્યવહારો અમારા અસીલ અને અન્ય વારસદારોને અંધારામાં રાખીને કરેલ છે. તેવા કાયદા વિરૂધ્ધના કૃત્યોની જાણ અમોને થતા તે અંગેની જાણ અન્ય સહમાલિકોને કરવા છતા તેઓ અમારા અસીલના સ્થાપિત હીસ્સો અને ઉપરોકત જણાવેલ જમીનની વહેચણી કરી પ્રત્યક્ષ કબજો આપતા નથી અને અમારા અસીલના હકક હીસ્સાનો ઈન્કાર કરી કાયદો હાથમાં લઈ કાયદા વિરૂધ્ધના કૃત્યો કરે છે અને ઉપરોકત જણાવેલ જમીન અંગે લોભામણી વાતો જણાવી જાહેર જનતાને ખોટા ખોટા પ્રલોભનો આપે છે અને તેમ કરી ગેરકાયદેસરના કૃત્યોને આમંત્રણ આપે છે તેમજ ઉપર જણાવેલ જમીન એકબીજાના મેળાપીપણામાં વેચાણથી તબદીલ કરી દેવાની તજવીજમાં છે જેથી અમારા અસીલ તેવી તમામ વ્યકિતઓ વિરૂધ્ધ ઉપરોકત જણાવેલ જમીનની હદહુદથી વહેંચણી કરી કબજો મેળવવા જાહેરનામો જાપ્તુકતો મનાઈહુકમ મેળવવા, વેચાણ દસ્તાવેજ તથા કરી આપેલ લખાણોં રદબાતલ ઠેરવવા અને અન્ય દાદો મેળવવા સુરતની સીવીલ કોર્ટમાં તથા રેવેન્યૂ કોર્ટમા અરજીઓ કરી યોગ્ય દાદ માગશે જેની આથી નોંધ લેશો. ઉપરોકત જમીન અંગે ઉપર જણાવેલ વ્યકિતઓ સાથે કે અન્ય વ્યકિતઓ સાથે કોઈપણ ઈસમે વેચાણના કે અન્ય કોઈપણ પ્રકારના વ્યવહારો કરવા- કરાવવા નહી તેમ છતાં જો કોઈપણ ઈસમ કોઈપણ પ્રકારના વ્યવહારો કરશે તો તેવા વ્યવહારો અમારા અસીલને કબુલ મંજુર અને બંધનકર્તા રહેશે નહી અને વ્યવહારો કરનાર ઈસમોને તકરારો સિવાય કશું પ્રાપ્ત થશે નહીં અને દાવાના પ્રકરણોમાં સંડોવાવુ પડશે જેની ગંભીર નોંધ લેવી વધુમાં આ ચેતવણી કોઈપણ ઈસમ વ્યકિત/સંસ્થા ફસાઈ નહીં જાય તેવા શુભ હેતુથી આપવામાં આવી છે. **સ્થળ : સુરત, તા.૧૯/૦૩/૨૦૨૬**

મારી મારફત - કલ્પેશ ડી.ભામરે
સુકન્યાબેન તે મણીભાઈ ડાહ્યાભાઈ ની પુત્રી ના એડવોકેટ
ઓફીસ :- ૧૦૩૩, ઓમ નગર, શેરી ન. ૧૬, ડિંડોલી, ખરવાસા રોડ, સુરત મો. નં. ૯૭૨૬૨૮૪૬૯૨

વેચાણ અંગેની જાહેર નોટીસ

આથી તમામને જાહેર થાય કે, નીચે જણાવેલ ખેતીની જમીન **તરૂણાબેન ધીરૂભાઈ તે શાંતુભાઈ ગાંડાભાઈની દીકરી, રહેવાસીઃ આભવા, સુરત**એ પોતાની માલીકી અને પ્રત્યક્ષ કબજા, ભોગવટા, વહીવટની અને કોઈના કોઈપણ પ્રકારના ગણોતના હકક વગરની અને બોજા રહિત હોવાનું જણાવી હમારા અસીલને કિંમતી અવેજ બદલ વેચાણ આપવાનુ નકકી કરેલ છે. સદર જમીનમાં કોઈનો કોઈ પ્રકારનો હકક- હીસ્સો, હિત-સંબંધ, લાગ-ભાગ, અધિકાર, દર-દાવો, તર-તકરાર, ગણોતના હકક તેમજ ગીરોના વ્યવહાર, ઈઝમેન્ટ વિગેરેના હકકો હોય તો તેમણે આથી દિન-૧૦ માં હમારા અસીલ તરફે હમોને લેખિત જણાવી પાકા પુરાવા સહીત સાબિત કરી જવા. જો તે મુદતમાં તેમ કરવામાં નહી આવશે તો, સદર જમીનમાં અન્ય કોઈના માલીકી હકક, અધિકાર, વેચાણના હકક, ગણોતના હકક કે ગીરોના વ્યવહાર વિગેરેના હકક નથી અને હોય તો તે તમામ છોડી દીધા છે. એમ ગણી લેવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ પ્રકારની તર-તકરાર, દર-દાવો વિગેરે ચાલશે નહિ અને હમારા અસીલ સદર જમીનના ઉપરોકત માલીકને અવેજ ચુકવીને જમીનનો રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લઈને માલીક મુખત્યાર અને પ્રત્યક્ષ કબજેદાર બનશે.

મિલકતની વિગત

જિ. સુરત, તા. પલસાણાના મોજે ગામ લીંગડ મધ્યે આવેલ, લીંગડના રે. સર્વે નં. ૩૦૨, ૩૦૩/૧, ૩૦૩/૨, બ્લોક નં. ૩૮૦/પૈકી ૨ થી નોંધાયેલ, જરાયત હે-આરે-મીટર ૦-૮૯-૦૩, આકાર રૂા. ૧૨=૫૧ પૈસાવાળી જુની શરતની ખેતીની જમીન. જેનો ખાતા નં. ૩૦૫ છે.

તા. ૨૦-૦૩-૨૦૨૬
૧-એ, પહેલો માળ, ગીતા એપાર્ટમેન્ટ, પાલીયા સ્ટ્રીટ, નાનપુરા, સુરત.
બિપીન એચ. પટેલ એડવોકેટ મો. ૯૮૨૫૪ ૦૪૦૦૬

વેચાણ અંગેની જાહેર નોટીસ

મોજે આંધી બ્લોક નં. ૧૭૮ વાળી જુની શરતની ખેતીની જમીન અંગે

આથી લાગતા વળગતા તમામને જણાવવાનું કે સુરત ડિસ્ટ્રીકટ ઓલપાડ સબ ડિસ્ટ્રીકટ **મોજે આંધી** માં આવેલ જમીન જેનો ખાતા નંબર ૨૭૯, **બ્લોક નંબર ૧૭૮** જેનું સુમારે કુલ્લે ક્ષેત્રફળ હે. આરે. ૦-૪૯-૫૩ ચો.મી જેનો આકાર રૂા.૯.૫૬ પૈસા વાળી જુની શરતની ખેતીની જમીનના સંયુકત માલીક **જ્યોતિબેન નટવરભાઈ તે મહેશચંદ્ર હર્ષદરાયભ ની ઘણીયાણી** વિગેરેનાઓએ મજકુર જમીન પોતાની સંયુકત માલિકી અને ટાઈટલ કલીયર હોવાનું જણાવી અમારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે અને ટુંક સમયમાં રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરનાર છે જે સંજોગોમાં આ નોટીસ થકી જણાવવાનું કે ઉપર જણાવેલી મિલકત બાબતે કોઈનો કોઈપણ જાતનો હકક-હિત, હિસ્સો, લાગ-ભાગ, દર-દાવો, મોર્ગેજ, ટાંચ વિગેરે હોય તો તેઓએ **દિન-૭** માં દસ્તાવેજી પુરાવાઓ સહિત હમોને લેખીતમાં ખુલાસો કરવો ત્યારબાદ સદરહું મિલકતમાં કોઈનો કોઈપણ પ્રકારનો હકક-હિત, હિસ્સો, કબજો રહેલ નથી તથા તેવા તમામ હકકો જતા કરેલ યાને વેઈવ થયેલ છે એમ સમજી અમારા અસીલ મુદત વિત્યે વેચાણ દસ્તાવેજ રજીસ્ટર્ડ કરાવી લેશે પાછળથી કોઈની કોઈપણ જાતની તર-તકરાર, દર-દાવો ચાલશે નહી. જેની લાગતા વળગતા તમામે નોંધ લેવી. (તા.૨૧/૦૩/૨૦૨૬)

અમારા અસીલની સુચના અને ફરમાઈશ અન્વયે
ઓફિસ: ૧, આસ્થા એવેન્યુ હાંથીસા રોડ, ઓલપાડ, તાઃ ઓલપાડ, જીઃ સુરત- 394540. મો.૯૭૨૫૧-૪૪૭૪૩
ભાવિક ડી.પટેલ તે ખરીદનારના એડવોકેટ

ટાઈટલ અંગે જાહેર નોટીશ

નીચે જણાવેલી જમીન **શ્રી ઉદય લક્ષ્મીકાંત દેસાઈ**, રહે.: ઈ/૪૦૨, માધવ રેસીડન્સી, અડાજણ, સુરતનાં પોતાની સ્વતંત્ર અને સંપૂર્ણ માલીકીની તથા પ્રત્યક્ષ કબજા ભોગવટાની હોવાનું અને તેના ટાઈટલ તેઓના હાથમાં તદ્દન ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવીને હમારા અસીલને વેચાણ કરવા માંગે છે. મજકુર જમીનના અગાઉના માલિક શ્રી સુભાષ સુબ્બારાય શર્માને આ જમીન સ્વ. બ્રિજરતનજી મગનલાલજીના તા.: ૨૦/૦૩/૨૦૧૨ ના રોજ અનુક્રમ નં.: ૪૨૫૬ થી નોંધાયેલા રજીસ્ટર્ડ વીલથી મળેલાનું જણાવે છે. આ વેચાણ વ્યવહાર બાબતે સ્વ. બ્રિજરતનજી મગનલાલજીના અન્ય વારસો સહિતના કોઈને પણ વાંધો યા તર-તકરાર હોય યા સદર જમીનમાં કોઈપણ શખ્શ કે નાણાંકીય સંસ્થા વિગેરેનાં સીધા કે આડકતરા કોઈપણ પ્રકારના હકક-અધિકાર હોય તો તેવા વાંધા યા તર-તકરાર અને હકક-અધિકારો બાબતની વાંધા અરજી, તે અંગેના કાયદેસરનાં પુરાવાઓ સહિત નીચેનાં સરનામે દિન ૧૫ (પંદર) માં આપી જવા. મુદતમાં એવો સંપર્ક કરવામાં નહિં આવશે તો કોઈનાં હકક-અધિકારો મજકુર જમીનમાં ન હતા અને નથી તેમજ કોઈને વાંધો યા તર-તકરાર નથી અને જો હોય તો તે તમામ જતા કરેલા છે એવુ માનીને તેમજ મજકુર જમીનના ટાઈટલ સંપૂર્ણ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું માનીને હમારા અસીલ પાકા લખાણો કરાવી લેશે. મુદત બાદનાં કોઈનાં કોઈપણ પ્રકારનાં હકક-અધિકાર, વાંધા કે તકરાર ચાલશે નહિં. જેની નોંધ લેશો.

:: જમીનની વિગત ::

શહેર સુરતના **મોજે ગામ ડુમસના રે.સ. નં.: ૭૦+૭૨/૧, ટી.પી.સ્કીમ નં.: ૮૧,** એફ.પી. નં.: ૪૯/એ થી નોંધાયેલી જમીન કે જેનું ૭/૧૨ મુજબનું કુલ ક્ષેત્રફળ સુમારે ૧૧૯૩૮ સમ ચો.મી. પૈકી ૯૧૦૫ સમ ચો.મી. જમીન તેમજ એફ.પી. મુજબનું ક્ષેત્રફળ સુમારે ૫૯૧૮ સમ ચો.મી. છે તે જમીન બાદ કરતા બાકી રહેતી સુમારે ૨૦૨૩ **સમ ચો.મી.** ના ક્ષેત્રફળવાળી ખેતીની જમીન, જેનું ટી.પી.સ્કીમ મુજબનું ફાયનલ પ્લોટનું ક્ષેત્રફળ ૧૩૧૪.૯૫ સમ ચો.મી. યાને ૧૫૭૨.૬૮ સમ ચો.વાર છે તે જમીન.

(સુરત તા.૨૧-૩-૨૦૨૬) **અસીલની સુચનાથી...**

અસીલની સુચનાથી
સંદીપ ડી. નાયક (એડવોકેટ)
જી/૧, "તારાનોમ", બી-વિંગ,લાલભાઈ કોન્ટ્રાકટર કોમ્પ.ની પાછળ,નિલકંઠ મહાદેવ મંદિરની બાજૂમાં, નાનપુરા, સુરત. સમય સવારે ૧૦ થી ૧૨, સાંજે : ૭ થી ૯ (તા. ૨૩-૩-૨૦૧૯)

-:: વેચાણ અંગેની જાહેર નોટીસ ::-

ડિસ્ટ્રીકટ સુરત, સબ-ડી. સુરત સીટી તાલુકા અઘામાના મોજે ગામ મોટા વરાછાના રેવન્યુ સર્વે નં. ૬૩૪/૨, બ્લોક નં. ૫૮૬, ક્ષેત્રફળ હે.આરે. ૦-૨૫-૨૮ ચો.મી., ટી.પી. સ્કીમ નં. ૮૪, એફ.પી. નં. ૧૯૪, એફ.પી. મુજબ ક્ષેત્રફળ ૧૫૧૭ ચો.મી., ૭૩એએ સત્તાપ્રકારથી નોંધાયેલ જુની શરતની જમીનના માલિક (૧) સોનલબેન છગનભાઈ રાઠોડ (૨) નયનાબેન ઈશ્વરભાઈ રાઠોડ તે નાનુભાઈ હળપતિની પત્ની (૩) કલાવતીબેન ઈશ્વરભાઈ રાઠોડ તે અર્જુનભાઈ રાઠોડની પત્ની (૪) મીનાબેન ઈશ્વરભાઈ રાઠોડ તે પરેશભાઈ રાઠોડની પત્ની (૫) જાગૃતિબેન ઉર્ફે જાગુબેન શાંતુભાઈ રાઠોડ (૬) સગીર કૃણાલ શાંતુભાઈ રાઠોડ સવા જાગૃતિબેન ઉર્ફે જાગુબેન શાંતુભાઈ રાઠોડ (૭) રમીલાબેન ઉર્ફે લીલાબેન પ્રકાશભાઈ રાઠોડ (૮) સવિતાબેન નટુભાઈ રાઠોડ (૯) લક્ષ્મીબેન બાલુભાઈ રાઠોડ (૧૦) ઉષાબેન શાંતુભાઈ રાઠોડ (૧૧) પ્રિયેશભાઈ શાંતુભાઈ રાઠોડ (૧૨) ગંગાબેન સુખદેવભાઈ રાઠોડ તે ઘનજીભાઈ વિઠ્ઠલભાઈ રાઠોડની પુત્રી (૧૩) ગીતાબેન ઈશ્વરભાઈ હળપતિની પુત્રી તે રમેશભાઈ રાઠોડની પત્ની એ પોતાની સ્વતંત્ર માલિકીની કબજા ભોગવટાની અને તમામ ટાઈટલ ચોખ્ખા અને માર્કેટેબલ હોવાનું જણાવી મજકુર જમીન સક્ષમ અધિકારીશ્રીની વેચાણ પરવાનગી મેળવી હમારા અસીલને વેચાણ આપવાનું નકકી કરેલ છે. મજકુર જમીન બાબતે કોઈપણ વ્યકિત, સંસ્થા, બેંક કે કોઈપણ ઈસમનો હકક, હિત, હિસ્સો, સંબંધ લાગ-ભાગ, દર-દાવો, તર-તકરાર, ભાડા પટ્ટો, પાવર ઓફ એટર્ની, લીયન કે ઈઝમેન્ટ કે કબજા હકક, બોજો, ચાર્જ કે કોઈપણ પ્રકારની સમજૂતી રૂએના હકક દાવો હોય કે મજકુર મિલકત ખરીદ કરવા અંગેના સાટાખત કે અન્ય કોઈ લેખિત લખાણો કર્યા હોય તો તેમણે આ નોટીસ પ્રસિદ્ધ થયેથી **દિન-૭ (સાત)** ની મુદતમાં અમોના નીચે જણાવેલ સરનામે પુરાવા સાથે રૂબરૂ સંપર્ક કરવો અન્યથા મુદત વિત્યે કોઈનો કોઈપણ જાતનો હકક હિસ્સો નથી અને છે તો જતો કરેલ છે તેમ માની અમારા અસીલ સક્ષમ અધિકારીની વેચાણ પરવાનગી મળ્યે મુદતે કિંમત ચૂકતે કરી મજકુર જમીનનો રજીસ્ટર વેચાણ દસ્તાવેજ ઉપરોકત માલિક પાસેથી તેમના નામ જોગ કરાવી પ્રત્યક્ષ કબજો સંભાળી લેશે. ત્યર પછી કોઈપણ પ્રકારની તર-તકરાર, દાવો-ફરિયાદ ધ્યાને લેવાશે નહિ કે મારા અસીલને બંધનકર્તા રહેશે નહિ તેની લાગતાં વળગતાં સર્વેએ નોંધ લેવી. **તા. ૨૧/૦૩/૨૦૨૬**

પ્રવિણ એમ. માંગુકિયા તે ખરીદનારના એડવોકેટ
ઓફિસ : એફ-૮, હરેકૃષ્ણ કોમ્પલેક્ષ, હંસ સોસાયટીની સામે, વરાછા મેઈન રોડ, સુરત. (મો.) : ૯૩૭૭૧ ૦૫૧૧૦

-: વેચાણ અંગેની જાહેર નોટીસ :-

ડીસ્ટ્રીકટ : સુરત, સબ-ડીસ્ટ્રીકટ તથા તાલુકો : સુરત સીટી(કતારગામ)ના **મોજે ગામ : કતારગામ**માં આવેલ અને સીટી સરવે દફતરે વોર્ડ નંબર : કતારગામ-૧, **સીટી સર્વે નંબર : ૩૩૪૮ થી** નોંધાયેલી બિનખેતીની જમીન કે જેનું સુમારે ક્ષેત્રફળ ૫૭૨.૨૫ સમ ચો.મી છે. જેને **ટી.પી.સ્કીમ નંબર : ૩(કતારગામ)** લાગુ પડતા તેના ઓરીજીનલ પ્લોટ નંબર : ૧૨, જેનું ક્ષેત્રફળ ૪૯૫૮ સમ ચો.મી. નકકી કરવામાં આવેલ, ત્યારબાદ તેને **ફાયનલ પ્લોટ નંબર : ૧૨** ફાળવી તેનું ફાયનલ પ્લોટ મુજબનું ક્ષેત્રફળ ૪૩૯૧.૦૦ ચો.મી. ઠરાવવામાં આવેલ. તે બીનખેતીની જમીનમાં આયોજીત **"આરજેડી બિઝનેસ હબ"** ના નામથી ઓળખાતી વાણીજ્યના હેતુસરની **"એ/બી"** બીલ્ડીંગોમાં આવેલ દુકાનો પૈકી ભોયતળીયે આવેલ **દુકાન નંબર : ૬,** વાળી મિલકત, જેનું કારપેટ એરીયાનું ક્ષેત્રફળ ૨.૨૮ ચો.ફુટ યાને ૨૪.૪૦ ચો.મી. છે, **તથા જેનું બીલ્ટઅપ એરીયાનું ક્ષેત્રફળ ૨૫.૬૩ ચો.મી. છે,** તે મિલકત તથા તેને લાગતા વળગતા અંદરના તમામ હકકો તથા બહારના રાસુકા હકકો સહીતની મિલકત, તેમજ મજકુર બિલ્ડીંગની તળેની જમીનમાં પ્રમાણસરના વણ-વહેંચાયેલા હિસ્સા સહીતની મિલકતના માલીક કબજેદાર એવા **જેનીશા અમીત કાપડિયાએ** સદરહું મિલકત તેમની સંપૂર્ણ અને સ્વતંત્ર માલિકી, વહીવટ-વ્યવસ્થા, ભોગવટાની તેમજ નકરજી, નભોજી ચોખ્ખા કલીયર અને માર્કેટેબલ ટાઈટલ વાળી ચાલી આવેલ હોવાનું જણાવી મારા અસીલને વેચાણ આપવા નકકી કરેલ છે, જેથી સદરહું મિલકત ઉપર અન્ય કોઈ ભાગીદારો, વારસદારો, વ્યકિત, સંસ્થા, મંડળી, બેંક વિગેરે હરકોઈના લાગભાગ, હકક/હિસ્સા, દર/દાવા, જપ્તી, અવલજપ્તી, લેણું-બોજા, સોદા, સાટાખત, પાવર ઓફ એટર્ની વિગેરે હોય, તો તેમણે કાયદેસરના લેખીત પુરાવા સહીત **દીન-૩, માં** તે અંગેની સંપુર્ણ ખાત્રી હમોને રૂબરૂ મળી કરાવવી, મુદત વિત્યા બાદ કોઈના કોઈપણ પ્રકારના સદરહું મિલકતમાં હિત, સંબંધ, હકક, હિસ્સો કે લાગભાગ, દર/દાવા વિગેરે નથી અને હોય તો તે જતા કર્યા છે એમમારા અસીલ માની લઈ મજકુર મિલકતના માલિક સાથે વેચાણ અંગેના વ્યવહારો કરી, જરૂરી કાયદેસરના લખાણો, રજીસ્ટર્ડ વેચાણ દસ્તાવેજ કરાવી લેશે અને તેવા વેચાણ વ્યવહાર તથા લખાણો વિરૂધ્ધ કોઈની કોઈપણ પ્રકારની તર તકરાર, વાંધો, વિરોધ કે દર-દાવાઓ ચાલશે નહી, તેની આ જાહેર નોટીસથી લાગતા વળગતા તમામે નોંધ લેવી.

તા. ૨૧/૦૩/૨૦૨૬ — **અસીલોની સુચના અને ફરમાઈશથી**

આશિષ આર. સાવલીયા એડવોકેટ
ઓફીસ :: એ/૨૦૬/૨, બીજો માળ, શ્યામલ બિલ્ડીંગ, કોહીનુર રોડ, મીજીબજાર, વરાછા, સુરત. મો.: ૮૯૦૫૧-૪૭૩૩૫

ટાઈટલ કલીયરન્સ અંગેની જાહેર નોટીસ

સુરત ડીસ્ટ્રીકટ, મજુરા સબ-ડીસ્ટ્રીકટના મોજે ભરથાણા-વેસુના રે. સર્વે નં. ૫૦/૧, બ્લોક નં. ૧૪૮/ઈ, ક્ષેત્રફળ ૦૦ હે. – ૨૫ આરે. – ૪૯ ચો.મી અને આકાર રૂા. ૭૬૫.૦૦ પૈસા વાળી બિનખેતીની ખુલ્લી જમીન કે જેનો ટાઉન પ્લાનીંગ સ્કીમ નં. ૬૫ (ભરથાણા-વેસુ-અલથાણ) માં સમાવેશ થતા ફાઈનલ પ્લોટ નં. ૩૩, કે જેનું ફાઈનલ પ્લોટ મુજબનુ ક્ષેત્રફળ ૧૨૭૫ ચો.મી છે, સદર જમીન બિનખેતી થતા ૭/૧૨ બંધ કરી સીટી સર્વે પ્રોપર્ટીકાર્ડમાં દાખલ થતા સીટી સર્વે ઓફીસ સુરત-૪, વોર્ડ : ભરથાણા-વેસુ (બિનખેતી), સીટી સર્વે નં. NA૧૪૮/ઈ વાળી બિનખેતીની જમીન હમારા અસીલ અમીતભાઈ વસંતલાલ શાહ ના સ્વતંત્ર નામે અને સ્વતંત્ર માલીકી કબજામાં ચાલી આવેલ હોવાનું જણાવી હમો પાસેથી સદરહુ જમીનના ટાઈટલ કલીયરન્સ રીપોર્ટની માંગણી કરેલ છે.

સદરહુ મિલકતમાં જો કોઈપણ વ્યકિત, બેંક, સંસ્થા કે ત્રાહિત ઈસમોનું કે સરકારશ્રીનું કોઈપણ જાતનું હકક, હિત, લાગ-ભાગ સમાયેલું હોય અથવા તો સદરહુ મિલકતમાં કોઈના કોઈપણ પ્રકારના હકક, હિત, દર, દાવો, સંબંધ, ચાર્જ યા લીયન હોય તો તેમણે આ નોટીસ પ્રસિધ્ધ થયેથી દિન-૫ માં હમોને જરૂરી તમામ કાયદાપ્રાપ્ત કાયદેસરના અધિકૃત દસ્તાવેજોની સુવાચ્ય/વાંચી શકાય તેવી પ્રમાણીત નકલોના આધાર, પુરાવાઓ સહિત નીચે જણાવેલ સરનામે લેખિતમાં જાણ કરવી. કાયદાપ્રાપ્ત કાયદેસરના અધિકૃત દસ્તાવેજોની વાંચી શકાય તેવી પ્રમાણીત નકલોના આધાર સિવાયની કોઈપણ વાંધા અરજી ગ્રાહ્ય રાખવામાં આવશે નહી જેની સ્પષ્ટ નોંધ લેશોજી. મુદત વિત્યા બાદ સદરહુ મિલકત બાબતે ટાઈટલ કલીયરન્સ રીપોર્ટ આપવામાં આવશે અને ત્યારબાદ કોઈની કોઈપણ જાતની તર, તકરાર ચાલશે નહી તેની સ્પષ્ટ નોંધ લેશોજી. (તા.૨૧-૦૩-૨૦૨૬)

ઓ. ૩૦૬, ટ્રીનીટી બિઝનેશ પાર્ક, મધુવન સર્કલ, અડાજણ-એલ.પી. સવાણી રોડ, અડાજણ, સુરત.
પ્રદીપસિંહ ડી. વાંસદીઆ (એડવોકેટ)

કોસાડ "પુણ્યભુમિ બંગ્લોઝ" પ્લોટ નં.૬૬ વાળી મિલકતની જાહેર ચેતવણી

સુરત ડિસ્ટ્રીકટ, સબ-ડિસ્ટ્રીકટ અડાજણ હાલ કતારગામ (સુરત સીટી)તાલુકાના મોજે ગામ : કોસાડનાં રે.સ.નં. ૪૮૫-૧+૨, જેનો બ્લોક નંબર : ૮૦૩ વાળી બિનખેતીની જમીન, જેનું કુલ સુમારે ક્ષેત્રફળ ૧૩૪૫૭ ચો.મી. જમીન, જે ટી.પી.સ્કીમ નં.૬૬ (કોસાડ-વરીયાવ)નાં ફાયનલ પ્લોટ નં.૨૬૨ વાળી કુલ સુમારે ૮૪૪૭ ચો.મી. રહેણાંકનાં હેતુમાટેની બિનખેતીની જમીનમાં આયોજન કરવામાં આવેલ **!! પુણ્યભુમિ બંગ્લોઝ !!** નાં નામની સોસાયટીમાં આવેલા રહેણાંકનાં હેતુમાટેનાં પ્લોટો પૈકી પ્લોટ નં. ૬૬ (જેનો મંજુર પ્લાન મુજબ પ્લોટ નં. ૬૦)થી નોંધાયેલ બાંધકામ સહિતની મિલકત, જેનું કુલ ક્ષેત્રફળ ૬૬.૯૭ ચો.મી યાને ૮૦ ચો.વાર જમીન તથા તેના ઉપર મંજુર પ્લાન મુજબ ગ્રાઉન્ડ ફલોર તથા પ્રથમ માળનુ કુલ ક્ષેત્રફળ ૯૪.૯૨ ચો.મી બાંધકામ સહીતની મિલકત તથા તેને લાગુ રોડ, રસ્તા અને સી.ઓ.પી માં ફાળે પડતા સુમારે ૩૦.૪૫ ચો.મી. ના વર્ણવર્ણેચાયેલ હીસ્સા સહીત મિલકત જેનો સુરત મહાનગર પાલિકા દફતરે નોંધાયેલ ટેનામેન્ટ નં.૦૬૩એ-૮૩-૯૬૪૧-૦-૦૦૧ વાળી મિલકત અમારા અસીલોએ તા.૦૫/૦૭/૨૦૨૧ ના રોજ ખરીદ કરેલ. જે બાબતે માલિક દક્ષાબેન લક્ષ્મીદાસ વેકરીયા સાથે નોટરી રૂબરૂ સાટાખતો થયેલ છે. ત્યારબાદ વેચાણ દસ્તાવેજ દક્ષાબેન લક્ષ્મીદાસ વેકરીયા કરી આપતા ન હોવાથી નામદાર સુરત સીવીલ કોર્ટમાં સ્પે.દિ.મુ.નં.૨૩૮/૨૦૨૪ થી તથા DEBTS RECOVERY TRIBUNAL AHMEDABAD, Case No.:615/2025 થી પેન્ડીંગ છે. જે સીવીલ દાવાની લીઝ પેન્ડન્સી નોટીસની નોંધણી સબ રજી. અડાજણ કચેરીમાં નોંધણી નં. ૧૦૧૫/૨૦૨૬ થી કરવામાં આવેલ છે. આમ અમારા અસીલનું સદર મિલકતમાં હકક, હિતઉભુ થયેલ છે, જેથી સદર મિલકતમાં અમારા અસીલનું હીત, હકક, અધિકાર ચાલી આવેલ હોય, તેઓ વિરૂધ્ધ કાનુની કાર્યવાહી કરવામાં આવેલ. જેથી સદરહુ મિલકત બાબતે કોઈ પણ પ્રકારનો અમારા અસીલોના હકક હિતને નુકશાન થાય તેવુ કૃત્ય કરવુ કરાવવુ નહિ, તેમજ છતાં કોઈ પણ વ્યકિત, પાવરદાર, સંસ્થા, મંડળી, બેંક, પેઢી કે અન્ય કોઈપણ નાંણા ધીરનાર સંસ્થાઓએ કોઈપણ રીતે ખરીદ, વેચાણ, ભાડે કે ભાડાપટ્ટે, ગીરો કે અન્ય કોઈ પણ રીતે ટ્રાન્સફરને લગતા વ્યવહારો કરવા કરાવવા નહી, તેમ છતાં કોઈ તેવા વ્યવહારો કરશે કરાવશે તો નાંણા વેડફી કોર્ટની કાર્યવાહીમાં પડવાનું રહેશે. તેઓ સામે કાયદેસરની કાર્યવાહી કરવામાં આવશે તેમજ મિલકતના ચોખ્ખા ટાઈટલ પ્રાપ્ત થશે નહિ, તેની નોંધ લેશો.

હમારી મારફત,
પ્રબોધ એ. પરમાર તથા **ધર્મેશ જે. લાડ**
તે હંસાબેન ધીરૂભાઈ નારોલા તથા જતીન ધીરૂભાઈનારોલાના એડવોકેટસ
ઓફીસ :૧૧૩, ગુજરાત શોપીંગ, અમરોલી, સુરત-૩૯૫૧૦૭, ફો.નં.૦૨૬૧-૨૪૯૯૬૦૦

ટાઈટલ અંગેની જાહેર નોટીસ

**આથી લાગતા વળગતા તમામને આ જાહેર નોટીસથી જણાવવાનું છે કે, ડીસ્ટ્રીકટ સુરત, સબ-ડીસ્ટ્રીકટ સુરત સીટીના અઠવાલાઈન્સ, અઠવાગેટના વિસ્તારમાં આવેલી અને શહેર સુરતની વિસ્તારેલી હદ મોજે ગામ: અઠવા ના રેવન્યુ સર્વે નં. ૧૩/૨ પૈકી, ૧૩/૩ પૈકી તથા ૧૪ પૈકીની જમીનમાં ''સ્વાશ્રય કો-ઓપરેટીવ હાઉસીંગ સોસાયટી લી.'' (જેનો રજી નં. ઘ-૩૫૬૫, તા. ૧૧/૦૧/૧૯૭૦ છે) ધ્વારા આયોજીત ''દિવાળીબાગ'' તરીકે ઓળખાતી વસાહતમાં આવેલ પ્લોટો પૈકી પ્લોટ નં. બી/૪૬ ની જમીન કે જેનો સીટી સર્વે કચેરીમાં વોર્ડ નં. ૧૩ યાને વોર્ડ અઠવાના નોંધ નં. ૭૧૪ થી નોંધાયેલી છે. જે પ્લોટની જમીનનું ક્ષેત્રફળ ૧૪૨.૭૪ ચો.મી. છે તે તથા તેના ઉપર આવેલા બા